## શ્લોક : ૬

### શુક્ર ગ્રહ (વીનસ) નો મંત્ર અને વ્રજ (હીરો) રત્ન (ડાયમન્ડ)

શુક્ર ગ્રહની બાધા દૂર કરવા અલૌકિક શુક્ર રૂપ શ્રી યદુનાથજીનું ધ્યાન રાખી તેમના જપ કરવા. શ્રી યદુનાથજી સદાસર્વદા સર્વના જીવનરૂપ છે. જીવનરૂપ શ્રી યદુનાથજીનું ધ્યાનરાખી તેમના જાપ કરવાથી શુક્રની બાધા દૂર થાય છે.

ગ્રહ : શુક્ર , ગ્રહ નું નામ : શ્રી યદુનાથજી , શાંતિ માટે જપની સંખ્યા : ૬૪૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : ઝલેબી , દુધ , રસગુલ્લા.
૬૪ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૩૦ દિવસ
સેવનીય સ્વરૂપ : શ્રી બાલકૃષ્ણલાલજી , ગાદી : ૬ , ગાંવ : સુરત







લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ |
પુષ્ટિમાર્ગ સ્તિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલાઃ ||૬||

શબ્દાર્થ : લોકે=લોકોમાં, લૌકિક કાર્યમાં, સ્વાસ્થ્યં=સુખમાં રહેવું, તથા=અને, વેદે=વેદમાં, વૈદિક કાર્યોમાં, હરિઃ=દુઃખને હરનારા, શ્રી હરિ, તુ=તો, જ, ન=નહીં, કરિષ્યતિ=કરશે, પુષ્ટિમાર્ગસ્થિતઃ=પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો, યસ્માત્=માટે, તેથી, સાક્ષિણઃ=સાક્ષીરૂપ, ભવત=થાઓ, બનો, અખિલાઃ=બધા.

ભાવાર્થ : આ ક્ષણજીવી મિથ્યા સંસાર માં પુષ્ટિજીવો તેમના લૌકિક તેમજ અલૌકિક વૈદિક કર્મમાં એટલા આસક્ત રહે છે કે જેને કારણે જીવ પ્રભુથી વિમુખ થાય છે. માટે પુષ્ટિજીવો એ લૌકિક આસક્તિ રાખ્યા વગર અષ્ટ્ પ્રહર પ્રભુ સેવા માં મગ્ન રહેવું.